# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
## પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર, અમદાવાદ
જિલ્લા રમત સંકુલ નિકોલ, ચાણક્ય સ્કુલની બાજુમાં, શુકન ચાર રસ્તા પાસે,
નિકોલ–નરોડા રોડ, નિકોલ, અમદાવાદ–૩૮૨૩૫૦
ઈ–મેઈલ આઈ–ડી: **dsdo-ahmedabad@gujarat.gov.in**

ક્રમાંક: પ્રાપ્રકે/નરોડા/ખેમકું–૨૦૨૫/૧૦૨૮૦ થી ૧૦૩૬૬/૨૦૨૫–૨૬ તા.૨૮/૦૧/૨૦૨૬

## સુધારા પરિપત્ર **KMK 2025** રાજ્યકક્ષા કરાટે ભાઈઓ

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી,
તમામ ગુજરાત રાજ્ય

વિષય: ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની અં– ૧૪, ૧૭ અને ઓપન ભાઈઓ કરાટે રમતની સ્પર્ધાના આયોજન બાબત

સંદર્ભ: આસી. ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના તા.૨૪/૧૨/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક: એસ.એ.જી./ખેમકું ૨૦૨૫/૨૦૨૫–૨૬/૪૭૪૪૪થી૪૭૫૫૧ અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, **ગાંધીનગર** દ્વારા પ્રેરિત અને પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર અમદાવાદની કચેરી દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અં–૧૪,૧૭ અને ઓપન ભાઈઓ કરાટે રમતની સ્પર્ધા તા.૦૫/૦૨/૨૦૨૬ થી તા.૦૯/૦૨/૨૦૨૬ દરમ્યાન દરમ્યાન અમદાવાદ ખાતે યોજાનાર છે. જે અંગેની આપના જિલ્લાની રજીસ્ટ્રેશન કરેલ **KMK ID** સાથેની ખેલાડીઓની એન્ટ્રી તા.૦૨/૦૨/૨૦૨૬ સુધીમાં dsdo-ahmedabad@gujarat.gov.in ઉપર ઈ–મેઈલથી અચૂક મોકલી આપવી. તેમજ ખેલાડીને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી છે.

### ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા કરાટે ભાઈઓનો વિગતવાર સુધારા કાર્યક્રમ

| SR. NO. | AGE GROUP | REPORTING & WEIGHT TIME | REPORTING & RESIDENCE PLACE & CONTACT NO. | COMPETITION DATE & TIME |
|---|---|---|---|---|
| 1 | U-14 BOYS | 05-02-2026<br>-20,-25,-30,-35,-40 WEIGHT<br>EVENING<br>05:00 PM TO 07:00 PM | SAG,SPORTS HOSTEL, NR.SHUKAN CROSS ROAD, OPP. CHANAKYA SCHOOL,NIKOL-NARODA ROAD, NIKOL,AHMEDABAD. | 06-02-2026<br>MORNING<br>08:00 AM<br>TO END |
| | | 06-02-2026<br>-45,-50,-55,-60,+60 WEIGHT<br>EVENING<br>05:00 PM TO 07:00 PM | | 07-02-2026<br>MORNING<br>08:00 AM<br>TO END |
| 2 | U-17 BOYS | 07-02-2026<br>ALL WEIGHT<br>EVENING<br>05:00 PM TO 07:00 PM | REPORTING<br>RASHMIN PARMAR, MO: 97252 78353<br>ANIL MARU, MO: 99242 57820<br>PRANENDRA SHARMA,<br>MO: 7227885467<br>ANIKET CHAUHAN, MO: 63519 31032 | 08-02-2026<br>MORNING<br>08:00 AM<br>TO END |
| 3 | OPEN BOYS | 08-02-2026<br>ALL WEIGHT<br>EVENING<br>05:00 PM TO 07:00 PM | RESIDENCE<br>PRITESH CHAUDHARI,<br>MO: 82000 94487<br>DILIP DABHI, MO: 90545 51683 | 09-02-2026<br>MORNING<br>08:00 AM<br>TO END |
| COMPETITION PLACE & CONTACT NUMBER | | | 1st FOOR,MULTISPORTS ARENA, C BLOCK, VEER SAVARKAR SPORTS COMPLEX, NARANPURA, AHMEDABAD.<br>PURVANG NAYAK, MO: 98984 67232<br>ANAND KAPADIYA, MO: 97243 86224<br>DEVANG MISTRY, MO: 97271 19835 | |

## -:સ્પર્ધા અંગે અગત્યની સુચનાઓ:-

૧. આ સ્પર્ધા વર્લ્ડ કરાટે ફેડરેશનના નિયમ પ્રમાણે ઉપલબ્ધ સુવિધા મુજબ ફેરફાર કરીને યોજાશે.
૨. પંચોનો નિર્ણય આખરી ગણાશે અને રેફરી કે ઓફિશિયલ સાથે ગેરવર્તણૂક કરનાર સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.
૩. **ખેલાડીના વજનમાં 500 ગ્રામથી વધુ તફાવત ચલાવી લેવામાં આવશે નહિ.**
૪. દરેક ખેલાડી પાસે વર્લ્ડ કરાટે ફેડરેશનના નિયમ મુજબ પોતાના પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (સુરક્ષાના સાધનો) હોવા જોઇએ.
૫. વર્લ્ડ કરાટે ફેડરેશનના નિયમ મુજબ કરાટેના સફેદ ગણવેશ જ માન્ય ગણાશે અન્ય ગણવેશ ચલાવી લેવામાં આવશે નહિ.
૬. ખેલાડીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી સ્પર્ધાના રાઉન્ડ (બોઉટ) નો સમય રેફરી કમિશન નક્કી કરશે.
૭. ત્રણ વાર નામ એલાઉન્સ થયા બાદ ગેરહાજર રહેનાર ખેલાડી ડીસક્વોલિફાય કરવામાં આવશે.
૮. **સ્પર્ધામાં ભાઇઓની સાથે ફક્ત ભાઇઓ કોચ કે મેનેજરે આવવાનું રહેશે.**
૯. **જિલ્લાકક્ષામાં વિજેતા ખેલાડીઓમાંથી પ્રથમ અને દ્વિતિય નંબરનાં ખેલાડીને રાજ્યકક્ષામાં ભાગ લેવા દેવામાં આવશે.**
૧૦. જિલ્લાકક્ષાએથી રાજ્યકક્ષામાં ભાગ લેનાર વિજેતા ખેલાડીઓનું એન્ટ્રી ઓનલાઇન મોકલી આપવાની રહેશે. ખેલાડીઓનું નિયત નમુનાનું એલીજીબીલીટી સર્ટી ફોટો સાથે જે તે શાળાના આચાર્યશ્રીના સહી સિક્કા તથા જે તે જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારીની સહી સાથેનું ઓરીઝીનલ એલીજીબીલીટી ૨ કોપી સાથે આધારકાર્ડ, ખેલમહાકુંભની રસીદ, બેન્ક પાસબુકની કોપી, જન્મનું પ્રમાણપત્ર અને શાળા બોનોફાઇડ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.
૧૧. જિલ્લાકક્ષાએ જે ખેલાડી પ્રથમ અને દ્વિતિય ક્રમાંક જે વજન ગૃપમાં પ્રાપ્ત કરેલ છે તો આ ખેલાડીઓને રાજ્યકક્ષા જે તે વજનમાં ભાગ લેવાનું રહેશે. (ખેલાડીનું વજન ચેન્જ કરવામાં આવશે નહિ.)
૧૨. રાજ્યકક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા આવનાર તમામ ખેલાડીઓ, કોચ, મેનેજરશ્રીઓએ સરકારી બસ, રેલ્વે કે અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે અને ફરજીયાત ટિકિટ રજુ કરવાની રહેશે. અન્યથા પ્રવાસખર્ચ ચુકવવામાં આવશે નહિ. (ખાનગી/લક્ઝરી બસનું પ્રવાસ ભાડું ચુકવવામાં આવશે નહિ)
૧૩. સ્પર્ધામાં ખેલાડીઓ તેમજ અન્ય કોઇ વ્યક્તિને ખાનગી વાહનમાં મુસાફરી કરવી હોય તો સક્ષમ અધિકારી પાસેથી મંજુરી મેળવી લેવાની રહેશે.
૧૪. સરકારશ્રીના નિયમ મુજબ ટુંકામાં ટુંકા અંતરની મુસાફરી કરવાની રહેશે.
૧૫. પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેંક ખાતામાં RTGS થી ચુકવવામાં આવશે. જેથી કેન્સલ ચેક તથા બેંક એકાઉન્ટની વિગત સાથે લઇને આવવાનું રહેશે.
૧૬. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.
૧૭. ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા માટે લાવતા પહેલા વાલીઓની ફરજિયાત સંમતિનું પ્રમાણપત્ર મેળવીને લાવવાના રહેશે.
૧૮. ઓનલાઇન કે.એમ.કે આઇ.ડી નંબરવાળા સ્પર્ધકોને ભાગ લેવા દેવામાં આવશે. જેથી તમામ ખેલાડીઓના ફોટો આઇડી પ્રુફ સાથે લાવવાનું રહેશે.
૧૯. આવનાર ટીમના નિયત સંખ્યના ખેલાડીઓ સાથે કોચ, મેનેજર સિવાય અન્ય કોઇ પણ બિન અધિકૃત વ્યક્તિને ટીમ સાથે લાવવી નહિ.જેની ટીમ મેનેજરશ્રીએ ખાસ નોંધ લેવી.
૨૦. સ્પર્ધા/નિવાસ સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે. અસિસ્ત કરનાર વ્યક્તિને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
૨૧. ટીમ સાથે કોચ અને મેનેજર તરીકેના બે વ્યક્તિના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહીવાળા મેનેજર/કોચ ના ઓર્ડર લઇને આવવાનું રહેશે.
૨૨. સ્પર્ધાના અનુરૂપ ગણવેશ પહેરીને આવવાનું રહેશે. સ્પર્ધા સ્થળે કોઇપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરને ભરપાઇ કરવાની રહેશે અને પ્રવાસભથ્થુ ચુકવવામાં આવશે નહિ.
૨૪. સ્પર્ધા સ્થળે આવવા નિકળતા પહેલા આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નિકળવા માટેની સુચના મેનેજરને આપવાની રહેશે.
૨૫. જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્પર્ધા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોચ્યાંની જાણ વાલી તથા મેનેજર દ્વારા સંબંધિત આયોજકને ટેલીફોનિક/લેખિત કરવાની રહેશે.

**જિલ્લા રમતગમત અધિકારી**
**અમદાવાદ ગ્રામ્ય**

**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**અમદાવાદ**

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

(૧) માન. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.
(૨) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૩) માન. કલેકટરશ્રી, અમદાવાદ.
(૪) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમદાવાદ.
(૫) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૬) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર અને ગ્રામ્ય.
(૭) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ.
(૮) ચીફ મેડીકલ ઓફીસરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.
(સ્પર્ધા સ્થળે જરૂરી મેડીકલ સુવિધા પુરી પાડવા સારૂ)
(૯) પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય કરાટે એસોસીએશન
(સ્પર્ધા દરમિયાન જરૂરી ઓફીશીયલ્સ પુરા પાડવા સારૂ)
(૧૦) મેનેજરશ્રી, ૧૦૮ ઈમરજન્સી સેવા સર્વિસ, કઠવાડા, અમદાવાદ.
(સ્પર્ધા સ્થળે જરૂરી મેડીકલ સુવિધા પુરી પાડવા સારૂ)
(૧૧) અમદાવાદ શહેર અને ગ્રામ્ય વ્યાયામ પ્રચારક મંડળ, અમદાવાદ

**નકલ સવિનય રવાના જાણ સારૂ અને જરૂરી કાર્યવાહી કરવા અર્થે:**

(૧) નાયબ માહિતી નિયામકશ્રી, અમદાવાદ. (સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ)
(૨) વહિવટી અધિકારીશ્રી, વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, નારણપુરા, અમદાવાદ.(મેદાન અને સાધન અંગેની જરૂરી વ્યવસ્થા આપવા સારૂં.)